ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૫ ટકા

# કરૂણા અભિયાનમાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સ્વયંસેવકો સેવા આપશે



### એક જ દિવસમાં ત્રણ દુર્લભ રેવીદેવી ઘુવડ બચાવાયા
### સમગ્ર વર્ષ દરમિયાન બર્ડ-એનિમલ રેસ્કયુ સેવા કરતી સંસ્થાની ઉત્તરાયણ માટે વિશેષ તૈયારી

**ઘાયલ પક્ષી બચાવ માટે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સંપર્ક નંબર**
કલ્પેશ જોશી - ૯૪૨૭૦ ૫૧૩૫૨
તેજસ ગામીત - ૭૮૭૪૦ ૦૮૭૮૮
વિવેક પરમાર - ૯૮૯૮૮ ૨૫૬૨૧
ધ્રુવ પ્રજાપતિ - ૯૭૨૫૪ ૭૩૯૯૯
અનિરૂધ્ધસિંહ ચાવડા - ૯૯૨૫૫ ૨૮૦૦૭
અમિત ગોંડ - ૮૪૦૧૪૮૮૫૮૮

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં ઉત્તરાયણનું પર્વ તા. ૧૪મી અને વાસી ઉત્તરાયણ ૧૫મી જાન્યુઆરીએ પરંપરાગત રીતે ઉજવાશે. આ પર્વમાં પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી સરકારી તંત્ર દ્વારા કરૂણા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શહેરના પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ તથા સ્વૈચ્છિક જીવદયાનું કાર્ય કરતા સ્વયંસેવકો દર વર્ષની જેમ જોડાયા છે અને બર્ડ ફ્લુ જેવા જોખમ વચ્ચે પણ વોરિયર્સ બની પક્ષીઓને બચાવવા સેવા આપશે. પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના આ સ્વયંસેવકો સમગ્ર વર્ષ દરમિયાન બર્ડ એનિમલ રેસ્ક્યુના કામમાં જોતરાયેલાં રહે છે અને અત્યારથી ઉત્તરાયણ માટે વિશેષ આયોજન કરીને વધુમાં વધુ પક્ષીઓના જીવ બચાવવા કટિબદ્ધ બન્યા છે. આજે ગાંધીનગરમાંથી જેટલા બર્ડ ઈન્જરીના કોલ પ્રાપ્ત થયા હતા તેમાંથી ૩ કોલ તો રેવીદવી ઘુવડ જેને વાન આઉલ કહે છે તેના જ હતા. આ ત્રણેય કોલ અલગ અલગ વિસ્તારમાંથી મળ્યા હતા. જેમાં એક સે-૨૮ જીઆઈડીસી, બીજો સરગાસણ ચાર રસ્તા નજીક અને ત્રીજો સે-૨૫ જીઆઈડીસીનો હતો. આ ત્રણ પૈકી એક ઘુવડતો માત્ર દોરીમાં ફસાયું હતું. જે દોરી કાપતાં જ મુકત થઈ ગગન વિહારે ઉડી ગયું હતું જયારે બાકીના બે ઘુવડને સ્વયંસેવક અમિત ગોંડ અને તેમના સહયોગી કિર્તીસિંહ વાઘેલાએ રેસ્કયુ કરી સે-૩૦ના વેટરનરી દવાખાને પ્રાથમિક સારવાર અપાવી વનચેતના કેન્દ્ર ખાતે સોંપી દીધા હતા.




ગાંધીનગરની વચ્ચે જ આવેલા ગોકુળપુરાને શહેરની સુવિધા જરાય મળતી નથી. ગટરનું ગંદુ પાણી રસ્તા પર વારંવાર વહે છે જેના કારણે અહીં રહેતા વસાહતીઓ પરેશાન થઈ ગયા છે. ગટરનું રીપેરીંગ કરવા વારંવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આ સમસ્યાઓનો ઉકેલ ન આવતા અહીંના રહેવાસીઓને નર્કાગારની સ્થિતિમાં રહેવાનો વારો આવ્યો છે.

# સરકારી રજાના દિવસે આકાશમાં વાદળો છવાતાં શહેર ઠંડુગાર બન્યું

### તડકાનો અભાવ અને વાદળોની હાજરીમાં ઠંડીનો પારો વધુ અડધો ડિગ્રી ગગડીને ૧૪ ડિગ્રી સે. નોંધાયો : ટ્રાફિક શુષ્ક રહ્યો પણ ચાની કિટલીઓ પર ભીડ જોવા મળી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં ફરી એકવાર આજે શહેરના આકાશમાં વાદળછાયું વાતાવરણ સર્જાવા સાથે ઠંડીની તીવ્રતા અનુભવાઈ હતી. શહેરમાં આજે તડકો જોવા મળ્યો નહોતો જેના કારણે આખા દિવસ દરમિયાન નાગરિકોને ગરમ વસ્ત્રો ફરજિયાત પણે ધારણ કરી રાખવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. શહેરમાં લઘુત્તમ તાપમાન વધુ અડધો ડિગ્રી ગગડીને ૧૪ ડિગ્રી સે. નોંધાવા પામ્યું હતું. જયારે મહત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી સે. નોંધાયું હતું.

મકરસંક્રાંતિ નજીક આવી રહી છે ત્યારે શહેરમાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ સતત જળવાઈ રહ્યો છે. આ સ્થિતિમાં આજે સવારથી જ શહેરના આકાશમાં વાદળોની સતત હાજરી જોવા મળી હતી જેના કારણે સૂરજદાદાની હૂંફ પ્રાપ્ત થઈ ના શકતા ઠંડીનો પારો વધુ અડધો ડિગ્રી ગગડવા પામ્યો હતો. જો કે છેલ્લાં કેટલાંક દિવસથી શહેરમાં ચાલી રહેલા પવનના સુસવાટા આજે અટકી ગયા હતા અને પવનની ગેરહાજરીથી નાગરિકોએ ટાઢમાં થોડી રાહત અનુભવી હતી. આજે જાન્યુઆરીનો બીજો શનિવાર હોવાથી સરકારી કચેરીઓ-બેંકો-પોસ્ટઓફિસ વગેરેમાં રજા હોવાને કારણે આમ પણ ટ્રાફિક નામ પુરતો જ હતો. તેમાં વાદળછાયા વાતાવરણને પગલે શહેર સાવ શુષ્ક થઈ જવા પામ્યું હતું. જો કે ચાના રસિયાં શહેરીજનોએ ચાની કિટલીઓ પર ભીડ જમાવી હતી. શહેરમાં ભેજનું પ્રમાણ સવારે ૮૭ ટકા હતું તે સાંજ સુધીમાં ઘટીને ૭૫ ટકા નોંધાયું હતું.

# ફાયર વિભાગ દ્વારા ૧૫૧ પતંગ સ્ટોલ ધારકોને અભિપ્રાય પ્રમાણપત્ર અપાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં ઉતરાયણના પર્વને પગલે વિવિધ સેકટરોમાં પતંગ દોરીના સ્ટોલ લાગી ગયા છે. ત્યારે પતંગ સ્ટોલ ધારકોને ફાયર વિભાગમાંથી પણ અભિપ્રાયનું પ્રમાણપત્ર મેળવવાનું હોય છે. જેને માટે વેપારીઓ દ્વારા ફાયર વિભાગમાં અરજી કરાઈ હતી. જેથી ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ જરુરી તપાસ કરીને ૧૫૧ વેપારીઓને અભિપ્રાયનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

ઉતરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરમાં પતંગ દોરીના સ્ટોલ માટે વેપારીઓ વિવિધ વિભાગની મંજુરી લેવા માટે પડાપડી કરી રહ્યા છે. સેકટર-૧૧, સેકટર-૨૧, સેકટર-૭, સેકટર-૨૨, સેકટર-૨૪ સહિત ન્યું ગાંધીનગર વિસ્તારમાં પતંગ દોરીના સ્ટોલ લાગી ચુકયા છે. સ્ટોલમાં અવનવી ફેન્સી પતંગો અને દોરી સહિતની ચીજવસ્તુઓનું વેચાણ પણ થઈ રહ્યું છે. ત્યારે સ્ટોલ ધારક વેપારીઓને પણ વિવિધ મંજુરીઓ લેવી પડે છે. જેમાં ૧૫૧ વેપારીઓએ ફાયર વિભાગમાં પણ અરજી કરીને અભિપ્રાય માંગ્યો હતો. જેને પગલે અરજીકર્તાઓની અરજીને ધ્યાને લઈ ગાંધીનગર મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા તપાસ કરીને તમામ વેપારીઓને અભિપ્રાયનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. વિવિધ વિભાગની મંજુરી બાદ પતંગના સ્ટોલ ધમધમતા થયા છે. શહેરમાં પતંગ બજારમાં શનિવારની રજા હોવાથી નહીવત ભીડ ખરીદી માટે જોવા મળી હતી. ત્યારે રવિવારના રોજ પતંગ બજારમાં ખરીદી માટે ભીડ જામે તેવી વેપારીઓને આશા દેખાઈ રહી છે. તો બીજીતરફ પતંગ રસીયાઓ છેલ્લી ઘડીની ખરીદી માટે પણ મુડ બનાવી બેઠા હોય તેમ લાગી રહ્યું છે.




ઉત્તરાયણ પર્વની ઉજવણી અમુક છુટછાટો સાથે કરવાની મંજુરી આપવામાં આવી છે. પરંતુ હજુ પર્વનો ઉત્સાહ જોવા મળતો નથી. ગ્રાહકોને આકર્ષવા માટે જાતભાતના નુસખા વેપારીઓ અપનાવી રહ્યા છે. કિન્ના બાંધેલા તૈયાર પતંગોની સાથે અવનવી એસેસરીઝનું વેચાણ કરી ગ્રાહકોને આકર્ષવામાં આવી રહ્યા છે.

## માનવ અધિકાર ગૃપ દ્વારા માધવસિંહને અંજલિ

ગાંધીનગર, તા.૯

માનવ અધિકાર ગૃપના પ્રમુખ શ્રી જયોર્જ ડાયસ તથા યશ ચૌધરી એક સંયુકત અખબારી નિવેદનમાં જણાવે છે કે, ગરીબોના બોલી, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., લઘુમતીના પ્રશ્નોને વાચા આપનાર ગુજરાતના વિકાસમાં જેનું મહત્વનું યોગદાન હોય તેવા ભારત સરકારના પૂર્વ વિદેશ મંત્રી અને ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીના દુ:ખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી હતી.

## આજે ઈસનપુર મોટા ખાતે બિહોલા રાજપૂત સમાજનું સ્નેહ સંમેલન અને સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે તા. ૧૦મી જાન્યુઆરી રવિવારે સવારે ૯ કલાકે બિહોલા રાજપૂત સમાજની વાડી ખાતે રાજયના શ્રી બહોલા રાજપૂત સમાજનું સ્નેહ સંમેલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ અને દાતાઓ-વિશિષ્ટ મહાનુભાવોના સન્માનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રતનપુરના જાણીતા અગ્રણી એડવોકેટ પૃથ્વીસિંહજી બિહોલા સમારંભના અધ્યક્ષપદે તેમજ કડાદરા ગ્રામ પંચાયતના સરપંચ અને દહેગામ તાલુકા ભાજપના મહામંત્રી કિરીટસિંહજી બિહોલા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાશે તથા વિસાજી એમ. બિહોલાને વિશિષ્ટ સેવા ગૌરવ સન્માનથી નવાજવામાં આવશે આ સાથે સમાજના દાતાઓ તથા વિશિષ્ટ મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવશે.

# પેરા ટેબલ ટેનિસની ગુજરાતી ખેલાડી ભાવિના પટેલ માટે વિશેષ સુવિધાઓ મંજુર

### વર્લ્ડ કક્ષાએ નં.૮ના રેન્કિંગ સાથે ઓલ્મ્પિક રમનારી ભારતની પ્રથમ ખેલાડી બનશે

ગાંધીનગર, તા.૯

જાપાનના ટોકિયો ખાતે યોજાનારી આગામી ઓલ્મ્પિક રમતોને ધ્યાનમાં રાખીને ટાર્ગેટ ઓલ્મ્પિક પોડિયમ સ્કીમ અંતર્ગત આવરી લેવાયેલા ખેલાડીઓની દરખાસ્તો અનુસાર સુવિધાઓ પુરી પાડવાની ચર્ચા કરવા માટે તાજેતરમાં 'ધ મિશન ઓલ્મ્પિક સેલ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પેરા ટેબલટેનિસ ગુજરાતી ખેલાડી ભાવિના પટેલ જેનો 'ટોપ્સ' સ્કીમમાં સમાવેશ કરાયો છે તેમની દરખાસ્તોને મંજૂર કરી રૂ. ૭.૦૪ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.



ભાવિના પટેલ પેરાટેબલ ટેનિસમાં વિશ્વમાં ૮મું રેન્કિંગ સ્થાન ધરાવે છે અને તેમના હાલના પ્રદર્શનને જોતાં તેમની ટોકિયો ઓલ્મ્પિક માટે થયેલી પસંદગી યથાર્થ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કમિટી દ્વારા તેમની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે જેમાં તેમને ટેબલ ટેનિસ વ્હિલચેર, બટરફલાય એમિકસ પ્રાઈમ રોબોટ, વ્હિલચેર ટેલબટેનિસનું ટેબલ વગેરે સાધનો માટે રૂ. ૭.૦૪ લાખ ફાળવવામાં આવ્યા છે. ભાવિના પટેલ પેરા ઓલ્મ્પિકની પેરા ટેબલટેનિસની એફ-૪ કેટેગરીમાં રમશે. તેઓ વિશ્વમાં આઠમું રેન્કિંગ ધરાવતા હોવા છતાં ઓલ્મ્પિક રમવા જનાર પ્રથમ ભારતીય ખેલાડી બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા પેરાલ્મિક રમતો પર વિશેષ ધ્યાન આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે અને જે અંતર્ગત ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકુલનો પેરા ઓલ્મ્પિક એકસેલન્સ સેન્ટર વિકસાવવામાં આવનાર છે. સાઈના રિજનલ ડાયરેકટર પી.કે. રાઘવે ભાવિના પટેલને શુભેચ્છાઓ પાઠવી છે.

## સુંદરધામ આશ્રમ ખાતે 'રામકથા'નું આયોજન

ગાંધીનગર, તા.૯

શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિરના સાતમા પાટોત્સવ નિમિત્તે 'રામકથા'નું પ્રિય આયોજન 'સુંદરધામ' આશ્રમ ખાતે તા.૧૧-૧-૨૦૨૧ સોમવારથી દરરોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. જેમાં વકતા શ્રી ગોસ્વામી સંજયભારતીબાપુની વ્યાસ પીઠે સંગીતમય ચોપાઈઓ સાથે કથા શ્રવણ કરવા હનુમંત પ્રેમીઓને માસ્ક પહેરીને પધારવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## જન્મદિને વધામણી



વિનોદભાઈ એ જોશી
મો. ૯૯૭૯૦ ૯૮૭૯૧



મોહનલાલ શંકરલાલ પારેખ
ફોન : ૨૩૨૨૧૪૩૫



પરસોત્તમ પી. પરમાર




મનીષભાઈ જાદવ



ભાવેશ જી સાગર
મો. ૯૦૩૩૫ ૦૩૨૨૧



રીધમ જે શાહ
મો. ૯૯૭૮૯ ૪૯૧૪૧



શ્રેયા એસ. દેસાઈ



પ્રિયંકા સી. મેસરિયા
મો. ૯૬૨૪૬ ૧૮૩૮૯

## શહેરના યુવાનો દ્વારા આર્ટ હાઉસ શરૂ કરવામાં આવ્યું




ગાંધીનગર, તા.૯

શહેરના યુવાનો દ્વારા સૂર્ય દર્શન આર્ટ હાઉસ નામે સે-૨-સી ખાતે આર્ટ હાઉસ શરુ કરવામાં આવ્યું છે. જયાં દરેક પ્રકારના આર્ટ ફોર્મ ઉપર કાર્ય કરવામાં આવશે જેમ કે નૃત્ય, વાદન, સિંગિગ, ડ્રામા, એકટીંગ, મહેંદી, ટેટુ, યોગા, પોએટ્રી, મોનોલોગ, વ્યાયામ, ચિત્રકળા, સ્ક્રિપ્ટ, શોર્ટ ફિલ્મ, લેખન, ઓપનમાઈક, ભવાઈ જેવી અનેક કલાને અહીં આવકારવામાં આવી રહી છે. આ આર્ટ હાઉસમાં જોડાનાર તમામ કળા શીખશે અને શીખવાડશે. કળા ધરાવનારના આત્મવિશ્વાસમાં વધારો થાય તે ઉદ્દેશ્યથી સ્થપાયેલ આ આર્ટ હાઉસમાં દર શનિ અને રવિવારે વિવિધ પ્રોગ્રામ યોજાય છે જેમાં જોડાવવા ૮૩૨૦૫૦૦૪૬૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## રાંદેસણ પ્રાથમિક શાળા ખાતે જિલ્લાના યુથ કોંગ્રેસ દ્વારા ભોજનની ડીશોનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૯

રાંદેસણ પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ ડેલીગેટ બેચરજી ઠાકોર, રાંદેસણ ગામના સરપંચ પોપટજી ગોહિલ, ડેપ્યુટી સરપંચ રાજભા અને ગ્રામજનોની હાજરીમાં જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શકિતભાઈ પટેલ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં રાંદેસણ ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ભોજનની ડીશોનું વિતરણ કરાયું હતું.



શહેરના રાધાકૃષ્ણ મંડળ સે-૫-એની સેવાભાવી બહેનો દ્વારા નિરૂબેન નાયકના સહયોગથી ઠંડી સામે શ્વાન રક્ષણ મેળવી શકે તે આશયથી લાડુ બનાવવામાં આવ્યા છે.




લાયન્સ કલબ ગાંધીનગરના ઉપપ્રમુખ લાયન શૈલેષભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે તા. ૮ જાન્યુઆરીના રોજ કેર ફોર સિનિયર સિટિઝન અંતર્ગત રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૪૭ દર્દીઓની તપાસ કરી ૧૧ જેટલા દર્દીને મોતિયાના ઓપરેશનની સલાહ આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૬ દર્દીઓને નિઃશુલ્ક ચશ્મા તેમજ આંખમા નાંખવાની દવા પુરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં લાયન સભ્યો સાથે લાયન્સ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટના વિઝન ડાયરેકટર લાયન કે.પી. પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ઈન્દુલાલ વાલજીભાઈ ધ્રાંગધરિયા, ઉ.વ. ૬૬, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ભટ્ટ નવનીતલાલ નાથાલાલ, ઉ.વ. ૮૩, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. જોષી વિશાલ નવનીતભાઈ, ઉ.વ. ૪૦, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. કિશોરજી ભીખાજી ઠાકોર, ઉ.વ. ૫૭, માણેકપુર, તા. માણસા
- સ્વ. પાઠક હર્ષદકુમાર શાંતિલાલ, ઉ.વ. ૭૩, ધમેડા, તા. માણસા
- સ્વ. ભીલ ચેતનભાઈ પુજાજી, ઉ.વ. ૨૪, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર રમણજી ભુલાજી, ઉ.વ. ૫૨, ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ ગિરધરભાઈ રેવાભાઈ, ઉ.વ. ૭૬, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પટેલ જીવનભાઈ પુરુષોત્તમદાસ, ઉ.વ. ૮૬, ગોતા, અમદાવાદ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. લહેરી પ્રભુલાલ ગણેશરામ, ઉ.વ. ૭૬, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભોઈ લક્ષ્મીબેન જગદીશભાઈ, ઉ.વ. ૪૦, ધોળાકુવા, તા. ગાંધીનગર